કેશુબાપા સારવાર માટે ગાંધીનગર સિવિલ આવ્યા

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને છેલ્લા અઠવાડીયાથી શરદી,ખાંસી અને તાવ સહિતની તકલીફો હતી. આ માંદગીની સારવાર માટે તેઓ આજે સાંજના સુમારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. જયાં તાત્કાલીક વિભાગમાં હાજર કેજયુલીટી મેડીકલ ઓફિસર ડો. અરુણ મકવાણા દ્વારા તેમનું કલીનીકલ તપાસ કરવામાં આવી હતી. એટલું જ નહી તેમનો છાતીનો એકસ-રે પણ પડાવ્યો હતો, જે નોર્મલ આવ્યો હતો. જેથી તેમને જરુરી દવા અને સારવાર આપવામાં આવી હતી. જેથી ગણતરીની મીનીટોમાં કેશુભાઈ પટેલ સિવિલ હોસ્પિટલમાંથી ઘરે જવા રવાના થયા હતા. એટલું જ નહી તબીબી સુત્રોમાંથી મળતી વિગત મુજબ કેશુભાઈ પટેલને કોઈ ગંભીર બિમારી નથી. પૂર્વ કેશુભાઈ પટેલ સમયાંતરે તેમનું મેડીકલ ચેકઅપ કરાવતા હોય છે, આજની મેડીકલ તપાસ પણ આવી જ રુટીન તપાસ હોવાનું તેમના નીકટવર્તી સુત્રોનું કહેવું છે. શ્રી કેશુભાઈ પટેલ હમણા આરામ કરશે તેમ પણ આ સુત્રોએ જણાવ્યું છે. ૨ કલાક થી વધુ તેમની આ મેડીકલ તપાસ ચાલી હતી. જો કે તેમણે ડોકટરોને કોઈ તકલીફની ફરિયાદ નહી હોવાનું જણાવ્યું હતું.

એન.એ.ની પંચાયતની સત્તા કલેક્ટરને તબદીલ કરવાનો નિર્ણય કોર્ટમાં પડકારાશે

ગાંધીનગર, તા. ૮

એન.એ. કરવાની પંચાયતની સત્તા પર સરકારે મુકેલ કાપ અને જિલ્લા કલેક્ટરને આ સત્તા તબદીલ કરવાના કરેલા નિર્ણયને પંચાયત પરિષદ રાજયની વડી અદાલતમાં પડકારશે તેમ મનાઈ રહ્યુ છે. રાજય સરકારે ગઈકાલે જ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં આ નિર્ણય પ્રસિદ્ધ કરી અને એન.એ.ની સત્તા કલેક્ટરને સુપ્રત કરવા નિર્ણયની જાહેરાતને લઈ પંચાયત પરિષદે આ નિર્ણયને પડકારવા માટે કાનૂનવિદો સાથે પરામર્શ શરૂ કરી દીધો છે.

રાજય પંચાયત અધિનિયમમાં આ જોગવાઈ હોવાથી સરકારે વિધાનસભામાં પહેલાં કાયદો પસાર કરવો પડે અને પછી જ સુધારો થઈ શકે તેવી સ્પષ્ટ વાત અને અધિકારને લઈ આ મુદ્દો પડકારવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ માટે પંચાયતના કેટલાક મહારથીઓ સાથે પણ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ બેઠક અલગથી કરી અને અભિપ્રાય મેળવવાનો પ્રયાસ કર્યો છે. રાજ્યની પંચાયત પરિષદની એકાદ-બે દિવસમાં બેઠક બોલાવી આખરી નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા બે સંવર્ગની ભરતી માટે પરીક્ષા યોજાશે

૧૯ હજારથી વધુ પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપશે : તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ

ગાંધીનગર, તા. ૮

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે વધુ બે સંવર્ગની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરાયુ છે. જિલ્લામાં આ બે સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૧૯ હજાર જેટલા ઉમેદવારો નોંધાયેલા છે.

વિસ્તરણ અધિકારી (સહકાર) અને સમાજકલ્યાણ નીરીક્ષક સંવર્ગની ભરતી માટે આજે યોજાનાર આ પરીક્ષા માટે ૬૫ શાળાઓમાં પરીક્ષા યોજાશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયાએ જણાવ્યુ હતુ કે વિસ્તરણ અધિકારી (સહકાર)ની પરીક્ષા માટે ૧૧,૮૭૪ ઉમેદવારો નોંધાયા છે. જ્યારે સમાજ કલ્યાણ નીરીક્ષકની પરીક્ષા માટે ૭,૫૯૨ પરીક્ષાર્થી નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં નીલગાયનો આતંક યથાવત : માર્ગ સલામતી જોખમમાં

લાખોના ખર્ચે માર્ગો આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ લગાવાનુ કામ શરૂ પરંતુ નીલગાય સહીતના રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી અને રોપાઓને હજુ ખતરો

ગાંધીનગર તા ૮

શહેરના મુખ્યમાર્ગોની આસપાસ ગ્રીલ કરવામાં આવી રહી છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ ગ્રીલ લગાવાનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન યથાવત છે. નીલગાયનો આતંક હજુ ઓછો થયો નથી. ત્યારે માર્ગ સલામતીના નામે પણ મીંડુ છે. રખડતા ઢોરથી બચવા તેમજ રોપાઓને પણ નુકશાન થતુ અટકાવવા માટે નીલગાયના ત્રાસમાંથી નગર મુક્ત થાય તો જ ગ્રીલ લગાવાની યોજનાને અંજામ આપી શકાય તેમ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હજુ પણ હલ થઇ નથી. ગાંધીનગરને સ્માર્ટ સીટીનો દરજજો આપવામાં આવ્યા બાદ પણ હજુ દાયકાઓ જુની સમસ્યાનો અંત આવ્યો નથી. એકબાજુ નગરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ ગંદકી તેમજ રખડતા ઢોરની સમસ્યાનુ નિરાકરણ આવશે તેવી આશા નગરજનો બંધાઇ હતી. પરંતુ તંત્રની ઘોર ઉદાસીનતાના કારણે રખડતા ઢોરનો પ્રશ્ન હજુ હલ થયો નથી. શહેરમાં ટ્રાફિક નિયમનના અભાવે માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. જયારે માર્ગો પર રખડતા ઢોર પણ માર્ગ સલામતી માટે ખતરારૂપ બન્યા છે. શહેરના માર્ગોને આસપાસ ગ્રીલ કરી રોડ સેફટી તેમજ વન આરક્ષિત જગ્યાની જાળવમી માટે પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. જયારે હાલ નગરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ ગ્રીલ લગાવામાં આવી રહી છે. જેના લીધે માર્ગ વચાળે સ્થિત પ્લાન્ટેશનને પણ રક્ષણ મળે તેમજ માર્ગ વચાળે રખડતા ઢોરનો ત્રાસ નિવારી શકાય . ગઇકાલે સે-૫ માં માર્ગ વચાળે આવી ગયેલી નીલગાય અકસ્માતમાં ઘવાઇ હતી જયારે નીલગાયના લીધે અકસ્માત થતા હોવાના પણ અનેક કીસ્સાઓ છે. શહેર આસપાસના વિસ્તારમાં પણ નીલગાયના લીધે માર્ગ સલામતી જોખમાતા અગાઉ માર્ગ આસપાસ ગ્રીલ લગાવી દેવામાં આવી હતી. જયારે હાલ નગરના માર્ગોને અનુલક્ષીને પણ ગ્રીલ લગાવાનુ કામ હાથ ધરાયુ છે. માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ જાળી મુકવામાં આવી રહી છે. જેથી સેન્ટ્રલ વર્જમાં સ્થિત રોપાઓની જાળવણી સાથે રખડતા ઢોર પણ માર્ગ વચ્ચે આવી ન જાય તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ બે દિવસ અગાઉ જ નીલગાય આડે આવતા સે-૫ માં અકસ્માત સર્જાયો હતો. શહેરમાં રોડ સેફટી તેમજ ગ્રીનરીની જાળવણી માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ જયાં સુધી નીલગાયને કેદ કરી અન્ય ઠેકાણે ખદેડવામાં નહીં આવે ત્યાં સુધી આ યોજના અસરકારક પુરવાર થાય તેમ નથી.

સુકો કચરો અને ભીનો કચરો અલગ આપવા મનપાએ વાહનરેલી યોજી

ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે ભીનો કચરો અને સુકો કચરો લોકો દ્વારા અલગ કરીને અપાય તે માટેની જન-જાગૃતિ માટે એક રેલીનું આયોજન સેક્ટર-૧ ખાતે કર્યુ હતું. આ રેલીમાં સુકો કચરો અને ભીનો કચરો અલગ રાખવાના બેનરો ડોર ટુ ડોર કલેક્શન કરતા વાહનો પર દર્શાવવામાં આવ્યા હતા. આ રેલીમાં આ વાહનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ની તૈયારીને ધ્યાને રાખી તંત્રએ આ અંગેની તૈયારીઓ અત્યારથી આરંભી દીધી છે. તંત્ર દ્વારા આ અંગે આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કર્યુ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા અંગે વોર્ડવાર સેમિનાર યોજવા ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ માટેની ખાસ ઝુંબેશ સહિતના આયોજનનો સમાવેશ થાય છે. વાયબ્રન્ટ સમીટ પણ જાન્યુઆરીમાં યોજાવાની હોવાથી હવે તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવામાં આવનાર છે.

જિલ્લામાં ૮૩ પેટ્રોલ પંપ : હજુ નવા ૧૭૯ પંપ બનાવવા મંજુરી

સરકારે સમગ્ર દેશમાં ૪૪૫૦ નવા પંપ બનાવવા મંજુરી આપી છે : ગાંધીનગર જિલ્લામાં રોજ ૩ હજાર લીટર પેટ્રોલ તેમજ ૪ હજાર ડિઝલનુ વેચાણ

ગાંધીનગર તા ૮

ભારત સરકારે દેશમાં ૪૪૫૦ જેટલા પેટ્રોલ પંપ બનાવવા માટે મંજુરી આપી છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ હાલ ૮૩ જેટલા પંપ છે. ત્યારે જિલ્લામાં હજુ નવા ૧૭૯ પંપ બનશે. જિલ્લામાં રોજ સરેરાશ ૩ હજાર લીટર પેટ્રોલ તેમજ ૪ હજાર લીટર ડિઝલનુ વેચાણ થાય છે. જયારે પેટ્રોલ પંપ બનાવવા માટે કોઈપણ નાગરિક આગળ આવી શકે છે. જેની પાસે જમીન હોય તેવા ઈચ્છુકોએ આગામી ૨૪ ડિસેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે તેમ પણ જણાંવાયુ છે.

વર્ષ ૨૦૧૪ બાદ કોઈપણ સરકારી કે સરકાર અધિકૃત કંપનીના પેટ્રોલ પંપ અસ્તિત્વમાં આવ્યા નથી. ભારત સરકારે ચાર વર્ષ અગાઉ પેટ્રોલ ડિઝલના પંપ માટે જાહેરાત કરી હતી. જયારે હવે સરકારે નવા પેટ્રોલ પંપ માટે મંજુરી આપી છે. જે અન્વયે સમગ્ર દેશમાં ચાર હજારથી વધુ પંપ ઉભા કરશે. જયારે આ યોજના અન્વયે ગાંધીનગર શહેર સહીત જિલ્લામાં નવા ૧૭૯ નવા પંપો બનાવવા માટે પણ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પેટ્રોલ અને ડિઝલના વપરાશમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. એકબાજુ વાહનોની સંખ્યા વધતી જાય છે. ત્યારે પેટ્રોલ અને ડિઝલના વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ અને ડિઝલના વેચાણમાં અનુક્રમે ૮ અને ૪.૫ ટકાના દરે વધારો થઈ રહ્યો છે.આવા સંજોગોમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા રીટેઈલ આઉટ લેટ નેટવર્ક ઉભુ કરવામાં આવી રહ્યુ છે. પેટ્રોલ પંપનુ વિસ્તરણ થાય તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. જયારે આ યોજના અન્વયે ભારત સરકારે સમગ્ર દેશમાં ૪૪૫૦ જેટલા પેટ્રોલ પંપ નવા બનાવવા માટે મંજુરી આપી છે. આ અંગે ઈન્ડીયન આઈલ કંપનીના સેલ્સ અધિકારી રોહીણ રાજૌરાએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં હાલની સ્થિતિએ ૮૩ પેટ્રોલ પંપ છે. જયારે આ પંપોના આધારે દરરોજ સરેરાશ ૩ હજાર લીટર પેટ્રોલ તેમજ ૪ હજાર લીટર ડિઝલનુ વેચાણ થાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર જિલ્લામાં પણ નવા ૧૭૯ પંપો બનાવવા માટે મંજુરી આપવામાં આવી છે. જયારે આ પૈકી ૨૫ ટકા જેટલા પંપ ગ્રામ્ય વિસ્તારમાં પણ બનાવાશે. આ પેટ્રોલ પંપના વિતરણને અનુલક્ષી આરક્ષિત કેટેગરી પણ નિયત કરવામાં આવી છે. દેશના કોઈપણ નાગરિક પાસે જમીન હોય તે આ પંપ બનાવી શકે છે. જયારે આગામી તા ૨૪ ડિસેમ્બર પુર્વે પેટ્રોલ પંપ માટે અરજી કરવાની રહેશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

રવિ સીઝનના વાવેતર વિસ્તારમાં ૧૮ હજાર હેક્ટરનો ઘટાડો નોંધાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનના વાવેતર વિસ્તારમાં ૧૮ હજાર હેક્ટર જેટલો ઘટાડો નોંધાયો છે જેની આગામી દિવસોમાં અર્થતંત્ર પર વિપરીત અસરો પડતી જોવા મળશે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨,૨૪૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. આમ તો ૩૦મી નવેમ્બરે રવિસીઝનના વાવેતરની પ્રક્રિયા સંપન્ન થઈ જતી હોય છે. પરંતુ પ્રતિકૂળ હવામાનને પગલે વાવણીનું કામ ૧૦ દિવસ લંબાયુ હતુ. જોકે હજુ પણ ખેડૂતો ઠંડીનો માહોલ જોઈ એકાદ-બે દિવસ ઘઉંનું વાવેતર કરે તેવી શક્યતાઓ છે.

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ જતાં રવિ સીઝનના વાવેતરને લઈ ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળતો નથી. ઘઉંના વાવેતર વિસ્તારમાં ૧૦ હજાર હેક્ટર જેટલો મોટો ઘટાડો જોવા મળ્યો છે. બટાટાની ખેતીમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫મી નવેમ્બર પછી ઘઉંના વાવેતરની સલાહ ખેડૂતોને આપવામાં આવી હતી પરંતુ આ વખતે પાણીની અછત અને ઠંડીના માહોલનો અભાવ જોવા મળતો હોવાથી ખેડૂતો ઉત્સાહિત જોવા મળતા નથી. જો કે જિલ્લામાં ઘઉંનું વાવેતર ૧૨,૩૭૫ હેક્ટર નોંધાયુ છે. ઠંડી જે બે-ત્રણ દિવસથી શરૂ થઈ છે તે ધ્યાને લેતાં હજુ વાવેતર વિસ્તારમાં બે-ત્રણ હજાર હેક્ટરનો વધારો થઈ શકે પણ તે શક્યતાઓ ખેડૂતના મૂડ પર છે.

બટાટાના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. જોકે આ વખતે વરિયાળી, તમાકુ, ચણા અને રાઈના પાકના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ જોવા મળી છે. જોકે આ પાકની વાવણીનો સમય સંપન્ન થઈ ગયો છે.

મળતી વિગતો પ્રમાણે પાણીની અછત અને સિંચાઈના સીમિત સાધનો તેમજ મોંઘા દરને લઈ ખેડૂતોમાં બહુ ઉત્સાહ વાવણીને લઈ જોવા મળતો નથી. ઘાસચારાનું વાવેતર પશુધનને લઈ સારૂ એવુ થયુ છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં માફકસરની ઠંડીના પગલે વાવેતરમાં વધારો જરૂર થયો છે અને હવે તેમાં કોઈ ખાસ મોટા ફેરફાર થવાની શક્યતા નથી.

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com